

## પાલનપુર શાળા નં. ૧માં શાળા પ્રવેશોત્સવ યોજાયો

પાલનપુર સ્થિત પાલનપુર બ્રાન્ચ શાળા નં. ૧ માં આજે શાળા પ્રવેશોત્સવ યોજાયો હતો. જેમાં શાળામાં પ્રવેશ લેનાર દરેક બાળકને હર્ષભેર આવકારવામાં આવ્યા હતા. શાળામાં પ્રવેશ લેતા બાળકોને શહેરના સદ્‌ભાવના ગૃપના આગેવાનોએ શૈક્ષણિક કીટ તેમજ ગણવેશનું વિતરણ કર્યું હતું. આ કાર્યક્રમમાં ગણેશ ચૌધરી, ગણેશભાઈ પટેલ, હરિશ ચૌધરી વગેરે હાજર રહ્યા હતા. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ઈડરમાં નોકરીના બહાને ખાસડીના યુવાન સાથે રૂ. ૩.૬૫ લાખની છેતરપીંડી

હિંમતનગર, તા.૧૮

ઈડર તાલુકાના ખાસડી ગામના અને હાલ હિંમતનગરના ભાણપુર ખાતે રહેતા એક યુવાનને વર્ષ ૨૦૧૩માં જીઈબીમાં નોકરી આપવાના બહાને ઈડરના બહુનામધારી શખ્સ અને તેની ટોળકીએ રૂા.૩.૬૫ લાખ લઈને છેતરપિંડી કરી હતી. જે અંગે ઈડર પોલીસે ઘટતી કાર્યવાહી હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ભાણપુર ગામે રહેતા મેમણ શફીમહંમદ અબ્દુલભાઈના પુત્રને નોકરી મળે તે માટે ઈડરના જવાનપુરા વિસ્તારમાં રહેતા નિર્મલસિંહ પરમાર, રવિન્દ્રસિંહ પરમાર, રાજુબા પરમાર, અશોકભાઈ ઉર્ફે જાદુગર મગનભાઈ પટેલ તથા પિયુષભાઈ પટેલે જીઈબીમાં નોકરી અપાવવાના બહાને રૂા.૩.૬૫ લાખ સમજાવી પટાવી લલચાવી લઈ લીધા હતા.

બીજી તરફ તાજેતરમાં ઈડરના બહુનામધારી શખ્સ અને તેની ટોળકીના કરતૂતોનો પર્દાફાશ થતા તેમની વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. જે અંગે ભાણપુરના શફીમહંમદ મેમણને ખબર પડતા તેઓએ ગુરૂવારે ઈડર પોલીસ સ્ટેશનમાં આવી જાણ કરતા પોલીસે તે અંગે કાર્યવાહી હાથ ધરી છે.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ભારતીય જીવન વિમા નિગમ સાથે જોડાયેલ ઓલ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ એમ્પ્લોયઝ એશોસિએશન તેમજ દેશના વિવિધ ટ્રેડ યુનિયનો વર્ગ ૩ અને ૪ની સાથે વર્ગ ૧ અને ૨ના તમામ અધિકારીઓ, સરકારની કર્મચારી વિરોધી નીતિના વિરોધમાં ડીસા શાખામાં રિશેષ દરમિયાન સુત્રોચ્ચાર કરી રોષ પ્રગટ કરવામાં આવ્યો હતો. ભારતીય જીવન વિમા નિગમ એ દેશની સૌથી મોટી વિમા કંપની છે અને દેશની પ્રગતિમાં તેનો અમુલ્ય ફાળો રહ્યો છે. ભારતીય જીવન વિમા નિગમની પ્રગતિમાં કર્તવ્ય નિષ્ઠ કર્મચારીઓનો સિંહ ફાળો રહ્યો છે. પરંતુ કેન્દ્ર સરકારની કર્મચારી પ્રત્યેની ઉદાસીનતા અને માંગણીઓ અંગે સરકારના અક્કડ વલણને લઈ ભારતીય જીવન વિમા નિગમ સાથે જોડાયેલા દેશના તમામ નાના મોટા ટ્રેડ યુનિયનો દ્વારા શાખા લેવલે તેમજ ડિવિઝનલ લેવલે રિષેશ દરમ્યાન કેન્દ્ર સરકાર વિરૂધ્ધ સુત્રોચ્ચાર સાથે દેખાવો કરી વહેલી તકે માંગણીઓ સ્વિકારાય તેવી માંગ કરવામાં આવી હતી. આજના દેશ વ્યાપી આ કાર્યક્રમમાં ડીસા શાખા પ્રતિનિધિ જયેશ દેસાઈ સહિત કર્મચારીઓ અધિકારીઓ જોડાયા હતા.

## દાવડ પાસેથી રોયલ્ટી ચોરી કરતા બે વાહનો પકડાયા

હિંમતનગર, તા.૧૮

ઈડર તાલુકાના દાવડ ગામની સીમમાંથી તાજેતરમાં મામલતદાર કચેરીના અધિકારીઓ દ્વારા રોયલ્ટી ચોરી કરતા એક ટ્રેકટર અને ટ્રકને ઝડપી લીધી હતી અને તેમની પાસેથી રૂા.૨૧૫૦૦ નો દંડ વસુલવામાં આવ્યો હતો.

આ અંગેની વિગત એવી છે કે તાજેતરમાં ઈડર મામલતદાર એ. કે. ગૌતમની સુચનાથી અશોકભાઈ પટેલ, અરૂણભાઈ ગઢવી અને યોગેશભાઈ પટેલે દાવડની સીમમાં વાહનોનું ચેકીંગ હાથ ધર્યુ હતું. દરમિયાન હિંમતનગરથી આવતી ટ્રક નં.જીજે.૯.ઝેડ.૪૨૫૭ તથા ટ્રેકટર નં. જીજે. ૯. એ.એફ. ૫૬૪૫માં પથ્થર ભરેલા હતા. પરંતુ બંને વાહનના ચાલક પાસે રોયલ્ટી પાસ ન હતો અને ટ્રકમાં ઓવરલોડ માલ ભરેલો હતો. જેથી બંને વાહનોને જાદર પોલીસ સ્ટેશનમાં લાવી તેમની પાસેથી રૂા.૨૧૫૦૦ દંડ વસુલવામાં આવ્યો હતો.

## નવા બાકલપુર ખાતે શાળા પ્રવેશોત્સવ યોજાયો

પ્રાંતિજ, તા.૧૮

પ્રાંતિજ નગરપાલિકા વિસ્તારમાં આવેલ નવા બાકલપુર ગામે આવેલ પ્રાથમિક શાળામાં શહેરી પ્રવેશોત્સવના બીજા દિવસે શાળામાં પાંચ વિદ્યાર્થીઓને પ્રાંત અધિકારી થતા પૂર્વ શિક્ષણ મંત્રીના હસ્તે શાળામાં પ્રવેશ આપવામાં આવ્યો હતો.

પ્રાંતિજના નવા બાકલપુર ગામે આવેલ પ્રાથમિક શાળામાં કે જે પ્રાંતિજની બધી પ્રાથમિક શાળામાં ભણતરની દષ્ટિએ શાળાનો એ ગ્રેડ ધરાવે છે તે શાળામાં ગુરુવારના રોજ બીજા તબક્કાનો શહેરી પ્રવેશોત્સવ યજાયો હતો. જેમાં પ્રાંતિજ-તલોદના પ્રાંત અધિકારી એ.આર. ચૌધરી, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, પ્રાંતિજ નગરપાલિકા પ્રમુખ ગીરીશભાઈ પટેલ, જાયન્ટ ગ્રુપના પ્રમુખ ડૉ. એન.કે. ડેરિયા, તાલુકા શિક્ષણ અધિકારી ટી.કે. વાઘેલા, બી.આર.સી. ભાવનાબેન મોદી, પ્રાંતિજ ભાજપ શહેર મંત્રી વિજયભાઈ પટેલ વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# પોયડા નજીક સાબરમતી નદીમાં ખનીજ ચોરી કરતા રેતી માફિયા સામે તંત્રની ઢીલી નીતિ



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)



પ્રાંતિજ, તા. ૧૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના પોયડા ગામ પાસે આવેલ સાબરમતી નદીમાંથી ગેરકાયદેસર થઈ રહેલ ખનીજ ચોરી અંગે પોયડા ગ્રામજનો દ્વારા પ્રાંતિજ પોલીસમાં અનેકવાર લેખીતમાં રજુઆતો કરવામાં આવી હતી. જેને ધ્યાનમાં લઈ પોલીસ દ્વારા તપાસ કરતાં ખનીજ ચોરી કરનાર રેતી માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો હતો અને નાસભાગ થઈ જવા પામી હતી.

મળતી માહિતી મુજબ પોયડા સાબરમતી નદીમાંથી ગેરકાયદેસર ખનીજ ચોરી કરતાં રેતી માફિયાઓ સામે ખાલી નાટ્યાત્મક રીતે ખાલી બે હિટાચી મશીન સીઝ કર્યા હોય તેવું લાગે છે જ્યારે રોજનું કરોડોનું રેતી કૌભાંડ છતાં એક ટ્રક કે રેતીનું નાનું સરખું ટ્રેક્ટર પણ ના પકડતા નવાઈની વાત છે.

જયારે નદીમાં કાયદેસર ખોદકામ ત્રણ ફૂટનું હોય છે છતાં પચાસ ફૂટ સુધી ખોદકામ છતાં તંત્રની આંખે હપ્તાના પાટા છે ત્યારે મળતી માહિતી મુજબ ભુસ્તરશાસ્ત્રીઓમાંથી જ કેટલાક મોટા માથાઓની સાથે અધિકારીઓ પણ ગેરકાયદેસર રેતીની ચોરીમાં સંકળાયેલા છે તેવું જાણવા પણ મળ્યું છે. ત્યારે જો તંત્ર દ્વારા જ મીલીભગત કે હપ્તાની લ્હાયમાં પડ્યા પાથર્યા રહેતા ગ્રામજનોની વારે ઘડીએ રજુઆતો છતાં આ રીતે ખાલી નાટ્યાત્મક રીતે તપાસ કરવામાં આવે છે. પોલીસ પણ સવારની ગયેલ ઝડપી કાર્યવાહી હાથ ના ધરતાં શંકાના ડાયરામાં આવી શકે છે. ત્યારે પ્રાંતિજ તલોદ પ્રાંત અધિકારીને પણ ઉપરથી સુચના મળતાં તેવો સાબરમતી નદીમાં જતા તેમણે પણ તપાસ કરતાં ગેરકાયદેસર ખોદકામ થયું હોવાનું તેમણે કબુલાત કરી હતી અને તેમના રીપોર્ટસમાં જણાવ્યું છે. વિરલ કન્ટ્રક્શન દ્વારા વિશ્વજીત ચાવડા દ્વારા ગેર કાયદેસર પોતાની લીઝ છોડી બાજુમાંથી ગેરકાયદેસર ખોદકામ કરતાં મળી આવ્યા હતા. જ્યારે હિંમતનગર ખાણ ખનીજ અધિકારીઓ પણ નદીમાં દોડી આવ્યા હતા. ત્યારે તેમની પાસેથી હિટાચી મશીન જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જ્યારે એક હિટાચી તો તંત્રને આવતા કોતરોમાં સંતાડેલુ અને તે પણ મળી આવ્યું હતું. બન્ને હિટાચી સીઝ કરી પોયડા ગ્રામ પંચાયતને સોંપવામાં આવ્યા હતા.

# ભારત વિકાસ પરિષદ ડીસા શાખાનો ૧૯મો પદગ્રહણ સમારોહ યોજાયો

ડીસા, તા. ૧૮

સંપર્ક સહયોગ, સંસ્કાર સેવા અને સમર્પણ જેવા ઉમદા ધ્યેયો થકી વ્યક્તિ નિર્માણ અને રાષ્ટ્રીય ચારિત્રનું ઘડતર કરતી સેવાભાવી સંસ્થા ભારત વિકાસ પરીષદ ડીસા શાખાનો ૧૯મો પદગ્રહણ સમારોહ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે પ્રવિણભાઈ ત્રિવેદી, રૂદ્ર એન્ટર પ્રાઈઝ ડીસા અતિથિ વિશેષ જગદીશભાઈ ચાવડા પ્રાંત શારીરિક પ્રમુખ, આર.એસ.એસ., દિનેશભાઈ અનાવાડીયા ડીરેક્ટર ગુ.જ.રા. માર્ગ અને વા.વ્ય. નિગમ દિનેશભાઈ વોરા, પ્રમુખ પ્રાતં ગુજરાત ભા.વિ.પ. વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને કાર્યક્રમની શોભા વધારી હતી.

ડૉ. અજયભાઈ જોષીએ ભાવવાહી શૈલીમાં પૂર્ણ વંદેમાતરમ્ ગીતની રજુઆત કરી. તથા મહેમાનોએ દિપ પ્રાગટ્ય કરીને કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો. નાથાલાલ બ્રહ્મક્ષત્રિયએ મહેમાનોનો પરિચય કરાવ્યો હતો.



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

શાખા પ્રમુખ પરેશભાઈ જીવરાણીએ મંચસ્થ મહનનુભાવો તથા ભા.વિ.પ.ના આમંત્રણને માન આપીને પધારેલા વિવિધ સંસ્થાના હોદેદારોનું સ્વાગત કર્યું હતું.

ડીસા નગરના કર્મઠ સેવાભાવી મુરબ્બી મફતભાઈ મોદી, ઉમદા લોક સેવક મનુભાઈ આસ્નાની, પાંજરાપોળ અને અબોલ મુક પશુઓની સેવામાં રત રહેતા ભરતભાઈ વારીયા વગેરે મહાનુભાવોનું સન્માન પત્ર, શાલ અને પુષ્પ ગુચ્છ આપીને સન્માન કર્યું હતું.

ધો. ૧૦માં પ્રથમ આવેલા પ્રથમ દવે ધો. ૧૨માં પ્રથમ ઉમંગ ભરતીયા, ભારતને જાનોના વિજેતા કુ. પ્રિયંકા જાની તથા પ્રાંત લેવલે પ્રથમ આવેલ ક્રિકેટ ટીમો અને સમારોહમાં પધારેલા પત્રકાર મિત્રોનું દબદબાભેર સ્વાગત કર્યું હતું. સંગીત ગુરૂ આશુતોષભાઈ દવે તથા તેમની ટીમની મદદથી ભા.વિ.પ.ની મહિલા પાંખ અને સંગીતના શોખીનભાઈ બહેનોએ લગ્ન ગીત તથા અન્ય ગીતોની રમઝટ બોલાવી હતી. કાર્યક્રમનું સંચાલન ભરતદાન ગઢવી તથા રત્નદિપસિંહે કર્યું. આભાર વિધિ મંત્રી હરેશભાઈ ઠક્કરે કરી હતી.

## શબ્દાવલી - ૫૭૬૪

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | | | ■ | |
| ૮ | | ■ | ૯ | | | ■ | |
| | ■ | ૧૦ | ■ | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | | ૧૩ | | ■ | | ■ |
| ૧૪ | | ■ | | ■ | ૧૫ | | ૧૬ |
| ૧૭ | | ૧૮ | ■ | ૧૯ | ■ | ૨૦ | |
| ૨૧ | | | ■ | ૨૨ | | | |

### આડી ચાવી

૧. ધનવાન, માલદાર (૩)
૩. બ્રાહ્મણ, વિધિ કરનાર ગોર (૪)
૬. લીન, મગ્ન (૨)
૭. સરકારી સહી સિક્કાવાળો અધિકારપત્ર (૩)
૮. કસ, સત્ત્વ (૨)
૯. વડોદરા (૩)
૧૧. વચન (૨)
૧૨. શરશેર, ખડગ (૪)
૧૪. મલાઇ, દૂધની... (૨)
૧૫. સગવડ (૩)
૧૭. 'ભાસ્કર' શબ્દ આડોઅવળો (૩)
૨૦. ભલે-હશે-ફિકર નહી જેવો ઉદ્‌ગાર (૨)
૨૧. રામદેવપીરનું ધામ (૩)
૨૨. દુઃખણા, વારણા (૪)

### ઊભી ચાવી

૧. વત્તાકાર, પ્લસ (૪)
૨. મરનાર, સંબંધી (૩)
૩. જીર્ણોદ્ધાર (૫)
૪. દુઃખડા રોવા, ... રોવા (૩)
૫. બાજુ, પક્ષ, તરફદારી (૪)
૭. બધા (૨)
૧૦. કપાળ, લલાટ (૨)
૧૧. રમણભમણ, જેમતેમ (૫)
૧૨. વરમરો - કન્યા મરો પણ ગોરનું... ભરો (૪)
૧૩. ગારૂડી, મદારી (૨)
૧૪. ચોર (૩)
૧૬. મનસુબો, કલ્પના (૩)
૧૮. છુટ્ટી, રવિવારે... (૩)
૧૯. ... મેને મન ચાહે સુરજ ચમકે રે ચાહે લગા હો ગ્રહણ (૨) (ગાવાનો હુકમ કે વિનંતી)

### શબ્દાવલી ૫૭૬૩ના જવાબ

**આડી ચાવી :-** (૧) આખેટ (૪) નીરાજના (૮) ચસકો (૧૦) ખડગ (૧૧) રૂરલ (૧૩) સાવિત્રી (૧૭) કાસળ (૧૮) શ્વાસનળી (૨૦) છાશ (૨૧) ગંગોત્રી (૨૩) નીસરણી (૨૪) ગાળ (૨૫) હાય

**ઊભી ચાવી :-** (૧) ખેચરૂ (૩) ટસર (૫) રાખ (૬) જડસુ (૭) નાગ (૯) કોલસા (૧૨) આકાશગંગા (૧૪) વિશ્વાસનીય (૧૫) ત્રીસ (૧૬) જાળી (૧૯) નફરત (૨૨) ગોળ

# રક્તદાન - મહાદાન

## ફરજિયાત મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

અગામી સપ્તાહમાં જાહેરનામું બહાર પાડવાનાં પણ ચક્રો ગતિમાન થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. ગુજરાત રાજ્ય સરકારના પ્રવક્તા અને રાજ્યના આરોગ્યમંત્રી નીતિન પટેલે આજે કેબિનેટ બેઠક બાદ જાહેરાત કરી હતી કે, આ અંગેનું જાહેરનામુ આગામી સપ્તાહમાં જારી કરવામાં આવશે. મતદાન માટેના નિયમો ઘડવામાં આવી રહ્યા છે. મુસદ્દો તૈયાર કરવામાં આવી રહ્યો છે. ૨૦૦૯માં પ્રથમ વખત ફરજિયાત વોટિંગ બિલ પસાર કરાયું હતું પરંતુ તત્કાલિન રાજ્યપાલ કમલા બેનિવાલે આની સામે વાંધો ઉઠાવ્યો હતો અને બિલને ફગાવી દીધો હતો. જોરદાર વિરોધ વંટોળની સ્થિતી હોવા છતાં આની ચિંતા કર્યા વગર ગુજરાતમાં આનંદીબેન પટેલ સરકાર ગુજરાત લોકલ બોડીસ સુધારા બિલમાં ફરજિયાત મતદાનની જોગવાઈને અમલી બનાવવાની દિશામાં કુચ કરી દીધી છે. દરમિયાન રાઈટ ટુ રિકોલને રજૂ કરવાની દિશામાં પણ સરકાર ગંભીરતાપૂર્વક વિચારી રહી છે. આ વર્ષે ઓક્ટોબર ૨૦૧૫માં યોજાનાર સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીમાં ફરજિયાત મતદાનને અમલી બનાવવામાં આવનાર છે. અગાઉ રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન નિતીન પટેલે કહ્યું હતુ કે નવા બિલમાં ફરજિયાત મતદાનની જોગવાઈ ધરાવનાર પ્રક્રિયાને એક સપ્તાહમાં જ પૂર્ણ કરી લેવામાં આવનાર છે. મતદાનને ફરજિયાત કરવાની સ્થિતીમાં મતદાનની ટકાવારી આશરે ૯૦ ટકા સુધી રહી શકે છે. સામાન્ય રીતે સ્થાનિક ચુંટણીમાં મતદાનની ટકાવારી ૭૦ ટકાની આસપાસ રહે છે. ઉંચા મતદાનની ખાતરી કરવા છેલ્લા ઘણા સમયથી પ્રયાસ થઈ રહ્યા હતા. આ વર્ષની શરૂઆતમાં ગુજરાતના રાજ્યપાલે ગુજરાત લોકલ ઓથોરિટી લો સુધારા બિલ-૨૦૧૧ને લીલીઝંડી આપી હતી. જેમાં સુધરાઈ ચુંટણીમાં મતદાનને ફરજીયાત કરવાની વાત કરવામાં આવી છે. સાથે-સાથે સજાની જોગવાઈ પણ રાખવામાં આવી છે. જોકે, કેટલાક અગ્રણી નાગરીકો, વરિષ્ઠ નિષ્ણાંતો અને કોંગ્રેસ નેતાઓએ આ નિયમ સામે વિરોધ કર્યા બાદ રાજ્ય સરકારે એક કમિટીની રચના કરી હતી અને કમિટીને સુચન કરવા તેમના વિકલ્પ આપવા રાજ્યોને કહેવામાં આવ્યું હતું. પૂર્વ આઈએએસ અધિકારી કેસી કપુરના નેતૃત્વમાં કમિટીએ સૂચનો એકત્રિત કરી દીધા છે અને હાલમાં જ રાજ્ય સરકારને અહેવાલ સોંપ્યો હતો. ગુજરાતના આરોગ્ય મંત્રી નીતિન પટેલે ગયા સપ્તાહમાં જ જાહેરાત કરી હતી કે, સરકાર આગામી સુધરાઈ ચુંટણી અથવા તો સ્થાનિક સંસ્થાની ચુંટણી દરમિયાન મતદાનને ફરજીયાત બનાવવાની યોજના ધરાવે છે.

## યોગ દિવસ ઉજવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કાર્યક્રમમાં તેઓ પણ ખાસ ઉપસ્થિત રહી નિદર્શન કરશે.

શ્રી કાલરિયાએ જણાવ્યું હતુ કે ૧૯ જાતના વિવિધ યોગાસનો આ ઉજવણી દરમ્યાન લોકો દ્વારા થશે. ગાંધીનગર શહેરમાં મનપા દ્વારા ૧૧ વોર્ડમાં આ કાર્યક્રમો ઉપરાંત બી.આર.સી. ભવન, પ્રજાપિતા બ્રહ્માકુમારીય ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સે. ૨૮ શાખા ખાતે, પેથાપુર નગરપાલિકાના હોલમાં, દહેગામના ઔડા ગાર્ડનમાં તેમજ બ્રહ્માકુમારી કેન્દ્ર ખાતે કલોલમાં સરદાર બાગ અને ઈજનેરી કોલેજ કેમ્પસ તેમજ માણસામાં આર્ટસ કોલેજ અને અન્નપૂર્ણા પાર્ટી પ્લોટ ખાતે તાલુકા કક્ષાના કાર્યક્રમો થશે.

તેમણે જણાવ્યું હતું કે અડાલજ નજીક દાદા ભગવાનના મંદિર ખાતે ૨૧૦૦ લોકો, પતંજલિ યોગ દર્શન કેન્દ્ર ખાતે ૧૧૦૦થી વધુ લોકો પણ જોડાવાના છે.

આ કાર્યક્રમમાં ભાગ લેવા માટે ૮૩૫ પ્રા. શાળા તેમજ ૩૦૯ માધ્યમિક શાળાના બાળકો પણ જોડાવાના છે. ગ્રામ્ય વિસ્તારમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટીના સભ્યો, વાલીમંડળના સભ્યો તેમજ ગ્રામજનો પણ મોટી સંખ્યામાં જોડાનાર હોવાનું તેમણે જણાવ્યું હતું.

## માછલીઓ મુકાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દવાવાળી કરી આપવાની કામગીરી પણ ઝુંબેશ રૂપે હાથ ધરવામાં આવી છે. જે પરિવાર મચ્છરદાની લઈને આવે તેને દવાવાળી કરી પરત આપવામાં આવે છે. અત્યાર સુધીમાં પાંચ હજારથી વધુ મચ્છરદાનીઓ દવાવાળી કરી આપવામાં આવી છે. આગામી દિવસોમાં આ ૨૦ હજાર સુધી આંક પહોંચે તેવું આયોજન હોવાનું તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થયું છે.

જિલ્લામાં ચોમાસુ એક તરફ આવુ આવુ થઈ રહ્યું છે અને સરકારી ચોપડે તો તેનું આગમન થઈ ચુકયું છે ત્યારે તંત્ર એ પણ મેલેરિયા વિરોધી કામગીરીને વધુ વેગીલી બનાવી છે.

મળતી વિગતો પ્રમાણે આગામી દિવસોમાં શાળા કક્ષાએ પોરા શોધક સ્પર્ધા, ટાંકીની સફાઈ ઝુંબેશ સહિતના વિવિધ કાર્યક્રમો હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લામાં છેલ્લા બે વર્ષથી મેલેરિયાના કિસોની સંખ્યામાં ઘટાડો જોવા મળ્યો છે અને તંત્ર એ પણ આ દિશામાં નકકર કામગીરીને વધુ વેગ આપવાનું નક્કી કરેલ છે આ મેલેરિયા વિરોધી માસ દરમિયાન વર્કશોપ, લઘુ શિબિરોનું પણ આયોજન થઈ રહ્યું છે તેમજ બાળકોમાં જાગૃતિ માટે વકતૃત્વ અને નિબંધ સ્પર્ધાનું પણ આયોજન કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## આંખ મિચામણા કેમ ?

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ પ્રકારના દિલધડક સ્ટંટ કરતા અચકાતા નથી પરંતુ એના કારણે પોતાની સાથે અન્ય બાળકોના જીવ જોખમમાં મુકે છે. અત્યારના સમયમાં મોટા ભાગના શિક્ષણ સંકુલોમાં જુનિયર કેજીથી માંડીને હાયર સેકન્ડરી સુધીની શાળાઓ આવેલી હોય છે જેના કારણે શાળા પ્રારંભ થવાના કે છુટવાના સમયે અથવા રીશેષના સમયે નાના ભૂલકાઓથી માંડીને દરેક ઉંમરના બાળકોની હાજરી હોય છે. આ સમયે વાહનો પર એક સાથે ત્રણ થી ચાર મિત્રો એક સાથે ચઢી ખતરનાર સ્ટંટ કરે ત્યારે નાના ભૂલકાંઓની સલામતી કેટલી રહી?

આ પ્રકારના અન્ડર એજ ડ્રાઈવીંગ કરતા બાળકો ગાંધીનગરના તમામ શિક્ષણ સંકુલો જેવા કે સે-૨૩ કડી સર્વ વિદ્યાલય સંકુલ, ગુરુકુળ સંકુલ, સે-૨૧માં માઉન્ટ કાર્મેલ, સે-૮માં સેંટ ઝેવિયર્સ સહિત અનેક શિક્ષણ સંકુલો અને સેકટરોમાં આવેલી માધ્યમિક શાળાઓ આસપાસ સહજ રીતે જોવા મળી રહ્યા છે. આ ઉપરાંત શાળાના ચાલુ થવાના કે છુટવાના સમયે ગાંધીનગરના માર્ગો પર પણ જોવા મળી રહ્યા છે. કાચી ઉંમરના બાળકના હાથમાં વાહન આપીને 'વટ' પાડવાના શોખીન મા-બાપ તો ગંભીર ભૂલ કરી જ રહ્યા છે પરંતુ આ પ્રકારની પ્રવૃત્તિઓ સામે આંખ મીચાંમણા કરી શહેરની પોલીસ પણ આશ્ચર્ય સર્જી રહી છે એટલું જ નહી પરંતુ આડકતરી રીતે બાઈકર્સ ગેંગ જેવી પ્રૃવત્તિઓને પોષી રહી છે.

## સ્વર્ણિમ પાર્કમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શૈક્ષણિક તેમજ સાંસ્કૃતિક સંસ્થાઓ પણ ભાગ લેશે.શાળાના વિધાર્થીઓ ઉપરાંત આમ નાગરિકો પણ યોગ દિવસની ઉજવણીમાં ઉત્સાહથી જોડાશે.

શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત વિશાળ સ્વર્ણિમ પાર્કમાં યોગ દિવસની ઉજવણીને અનુલક્ષી પાટનગર યોજના વિભાગના તંત્રએ પણ જરૂરી તૈયારી શરૂ કરી દીધી છે.ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જહાંએ પણ સંસ્થાના સભ્યો ઉપરાંત નગરજનોને યોગ દિવસની ઉજવણીમાં સામેલ થવા અપીલ કરી છે. ગાંધીનગર યોગમય બની જશે.યોગ દિવસે શહેરના ૩૫ થી વધુ સ્થાનોએ યોગાસનનો કાર્યક્રમ યોજવામાં આવશે.નગરની વિવિધ સંસ્થાઓ દ્વારા યોગની તાલીમ શિબિરો યોજવામાં આવી રહી છે.ત્યારે વિશ્વ કક્ષાના યોગ દિવસની ઉજવણી પ્રોત્સાહક બની રહેશે.

## ઉઘડતે પડદે

● અનુસંધાન બીજાનું ચાલુ

ફિલ્મનું રાહતે ગાયેલું 'ઓ રે પિયા, ઉડને લગા કયું મન બાવરાં, આયા કહાં સે યહ હૌસલા રે' ગીત જમાવટ કરી ગયું... મિકા સિંગનું ગાયેલું 'હો લાલ મેરી પર રખીયો બલા જુલે લાલણ, સિંદરી દા, સેવણ દા, સખી શાબાઝ કલંકર, દમા દમ મસ્ત કલંદર, આલિ દા પહેલા નંબર' વાહ પોકારી જવાય...

'બેન્ડીટ ક્વિન' નું નુસરતનું ગાયેલું રાગ દરબારી કાનડા, ચારુકેશી અને જોગ એવા મિશ્રણનું 'સાંવરે તોરે બીના જીયાના સાંવરે' કદાચ ભાગ્યે જ કોઈ કાર્યક્રમમાં કોઈએ ગાયું હોય, પણ જોરદાર રહ્યું... આમીર ખુસરોને જો ઈન્ડિયન કલાસિકલમાંથી બાદ કરવામાં આવે તો માત્ર ૨૦ ટકા જ સંગીત બાકી રહે એવી વાત સાથે સંગીત મિયાસ્ટ્રો અમિત ઠક્કરે શાસ્ત્રીય સુફી રચના 'છાપ તિલક સબ છીની રે મોસે નેના મિલાય કે' એમાં કિ-બોર્ડ પર હાર્મોનિયમ, સાથે તબલાની સંગીત અને શાસ્ત્રીય સરગમી તાન સાથે સંગીતની ઉચ્ચત્તમ શિખરે બિરાજી કાર્યક્રમ સંપન્ન...

પણ આ સુફી-સંગીતનો જે કેફ ચઢ્યો એ લાંબા સમય સુધી ઉતરે એવો નહોતો... અમીત ઠક્કર - દિપ્તી દેસાઇ - મિહીર જાની - તબલા શિરીન સરૈયા, ઢોલક - ડરબુકા મિતેશ દેસાઇ, ઓકટોપેડ ભાવેશ ઠક્કરની જુગલ બંદી સાથેનું એનર્જેટક સંગીત... મૌજે દરિયા જેવું બની રહ્યું... કલાગુર્જરીની કાર્યક્રમ અને ગીતોની પસંદગી બધાંને મનપસંદ પડી... સુફી સંગીતની આ યાદગાર ગીતોની મહેફિલ સાચા અર્થમાં યાદગાર બની રહી... સુફી સંગીતને તો એમ જ કહેવું પડે 'પિયા રે પિયારે તારા બીના લાગે નહીં મારા જીયા રૈ...'